
# કોંગ્રેસને સુપ્રીમ ઝટકો, ગુજરાત મતગણતરીમાં દરમિયાનગીરીનો ઈન્કાર

કોંગ્રેસે ગુજરાત ચૂંટણીમાં મતોના ક્રોસચેકિંગ માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. કપિલ સિબ્બલ અને કમલનાથે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ ઈલેકશન કમીશનને નિર્દેશ આપે કે ઈફસ્માં નાખવામા આવેલા ૨૫ ટકા વોટ વીવીપેટ સાથે સરખામણી કરે. એસીએ કોંગ્રેસની પિટીશન ફગાવતાં કહ્યું કે આ બાબતમાં કોઈ મેરિટ નથી. ગુજરાત ઈલેકશનમાં ૧૦૦ ટકા વીવીપેટ મશીનનો ઉપયોગ થયો હતો. કોંગ્રેસે મતદાન દરમિયાન જ ગડબડી થઈ હોવાના આરોપ લગાવ્યાં હતા.

**સુપ્રીમ કોર્ટે વધુમાં શું કહ્યું ?**

● સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમે ઈલેકશન કમીશનના અધિકાર ક્ષેત્રમાં દરમિયાનગીરી ન કરી શકીએ. ચૂંટણીની પ્રક્રિયા લોકતંત્રમાં સૌથી વધુ મહત્વનું પરિબળ છે. તેમાં માત્ર કોઈ પાર્ટીની શંકાને દૂર કરવા માટે દરમિયાનગીરી ન કરી શકાય.

**કોંગ્રેસનો આરોપ - ચૂંટણી પંચ કઠપુતલીની જેમ કામ કરે છે.**



● કોંગ્રેસે ગુરૂવારે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં વોટ નાખ્યા બાદ પીએમ મોદી દ્વારા અમદાવાદ રાણીપમાં રોડ શો કર્યો હોવાનો આરોપ લગાવ્યો હતો.

● પાર્ટીએ ગુરૂવારે આચાર સંહિતા તોડવા અંગેની ફરિયાદ ચૂંટણી પંચને કરી હતી.

● કોંગ્રેસના પ્રવકતા રણદીપ સુરજેવાલાએ કહ્યું હતું કે, ચૂંટણી પંચ નરેન્દ્ર મોદી વિરૂદ્ધ કોઈ કાર્યવાહી નથી કરતું. પરંતુ એક ઈન્ટવ્યૂ પછી રાહુલને નોટિસ આપી હતી. ઈસી બંધક અને કઠપુતળીની જેમ કામ કરે છે.

● **કોંગ્રેસ હારનું ઠીકરૂ ઈવીએમ પર ફોડી રહી છે : મોદી**

ગુજરાતમાં બીજા તબક્કાના મતદાન પહેલાં સોમવારે વડાપ્રધાને મોદીએ પાટણમાં એક રેલી કરી હતી.

અહીં પીએમએ કહ્યું હતું કે, કોંગ્રેસ જાણે છે કે તેઓ વિધાનસભાના પ્રથમ તબક્કામાં હારશે, અને તેથી ઈવીએમ પર હારનું ઠીકરું ફોડી રહ્યાં છે. બીજા રાઉન્ડ અંગે તો વિચારી જ નથી રહ્યાં.

# કોંગ્રેસનો ૧૨૪ બેઠક જીતવાનો દાવો

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન ગુરુવારે સાંજે પૂર્ણ થઈ ગયું હતું. આ મતદાન પૂર્ણ થયા બાદ કોંગ્રેસ પક્ષ દ્વારા આજે પોતાનો આંતરિક સરવે જાહેર કરવામાં આવ્યો હતો. આ સરવે મુજબ કોંગ્રેસને ૧૮૨ બેઠકોમાંથી ૧૨૪ બેઠકો મળતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ અંગેની માહિતી પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આપી હતી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી અંતર્ગત ગઈકાલે ગુરુવારે બીજા અંતિમ તબક્કાનું મતદાન યોજાયું હતું. આ મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા પછી વિવિધ એજન્સીઓ દ્વારા પોતાના એક્ઝીટ પોલ રજૂ કરવામાં આવ્યા હતા.



ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી પાટીદારો, દલિતો, ઠાકોર સમાજ સહિતના સમાજોમાં ભાજપ સરકાર સામે જનતામાં ભારે રોષ હતો. આમ છતાં આ તમામ એજન્સીઓ દ્વારા પોતાના એક્ઝીટ પોલ્સમાં એક તરફી રીતે ભાજપને જ સત્તાની ખુરશી ઉપર બેસાડતા જોવા મળ્યા હતા. જેના કારણે આ એજન્સીઓના પોલ્સ ઉપર શંકાની સોય તકાઈ હતી.

આ દરમિયાનમાં આજે શુક્રવારે ગુજરાત કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી દ્વારા તમામ ઉમેદવારો અને રાજ્યના તમામ હોદેદ્દારોની એક બેઠક બોલાવી હતી. આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી દ્વારા પક્ષનો એક આતંરિક સરવે રજૂ કરવામાં આવ્યો હતો.

આ સરવે મુજબ ગુજરાતની ૧૮૨ બેઠકોમાંથી ૧૨૪ બેઠકો મેળવીને કોંગ્રેસ સરકાર બનાવતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

ગુજરાત કોંગ્રેસના આંતરિક સરવે મુજબ પ્રથમ તબક્કાની ૮૯ બેઠકોમાં કોંગ્રેસને ૬૧ બેઠકો મળતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જયારે બીજા તબક્કાની ૯૩ બેઠકોમાંથી કોંગ્રેસને ૬૩ બેઠકો મળતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આમ ગુજરાત કોંગ્રેસને પ્રથમ તબક્કામાં ૬૧ બેઠક અને બીજા તબક્કાની ચૂંટણીમાં ૬૩ બેઠક એમ કુલ મળીને ૧૨૪ બેઠકો સાથે આંતરિક સરવેના આધારે ગુજરાત વિધાનસભામાં સરકાર બનાવતી હોવાનો દાવો પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી દ્વારા કરવામાં આવ્યો છે.

# રાજ્યમાં મતદાનના સત્તાવાર આંકડા

| | વિસ્તાર | ટકાવારી |
|---|---|---|
| ● | **કચ્છ** | **(૬૩.૯૫)** |
| ૧ | અબસાડા | ૬૬.૭૩ |
| ૨ | માંડવી | ૭૦.૭૦ |
| ૩ | ભૂજ | ૬૬.૧૪ |
| ૪ | અંજાર | ૬૭.૭૯ |
| ૫ | ગાંધીધામ | ૫૪.૧૮ |
| ૬ | રાપર | ૫૯.૯૩ |
| ● | **બનાસકાંઠા** | **(૭૫.૨૫)** |
| ૭ | વાવ | ૮૦.૭૭ |
| ૮ | થરાદ | ૮૫.૫૩ |
| ૯ | ધાનેરા | ૭૫.૩૫ |
| ૧૦ | દાંતા | ૭૩.૭૨ |
| ૧૧ | વડગામ | ૭૧.૨૩ |
| ૧૨ | પાલનપુર | ૬૮.૯૯ |
| ૧૩ | ડીસા | ૭૧.૦૯ |
| ૧૪ | દીયોદર | ૭૬.૭૯ |
| ૧૫ | કાંકરેજ | ૭૫.૫૨ |
| ● | **પાટણ** | **(૬૮.૮૨)** |
| ૧૬ | રાધનપુર | ૬૮.૧૭ |
| ૧૭ | ચાણસ્મા | ૬૮.૦૧ |
| ૧૮ | પાટણ | ૬૮.૮૪ |
| ૧૯ | સિદ્ધપુર | ૭૦.૪૨ |
| ● | **મહેસાણા** | **(૭૧.૬૯)** |
| ૨૦ | ખેરાલુ | ૭૧.૩૬ |
| ૨૧ | ઊંઝા | ૭૧.૧૩ |
| ૨૨ | વિસનગર | ૭૩.૬૯ |
| ૨૩ | બેચરાજી | ૭૦.૦૮ |
| ૨૪ | કડી | ૭૪.૨૦ |
| ૨૫ | મહેસાણા | ૬૯.૯૯ |
| ૨૬ | વિજાપુર | ૭૧.૩૪ |
| ● | **સાબરકાંઠા** | **(૭૪.૯૭)** |
| ૨૭ | હિંમતનગર | ૭૫.૯૪ |
| ૨૮ | ઈડર | ૭૪.૭૪ |
| ૨૯ | ખેડબ્રહ્મા | ૭૫.૪૮ |
| ૩૦ | પ્રાંતિજ | ૭૩.૭૦ |
| ● | **અરવલ્લી** | **(૬૯.૧૯)** |
| ૩૧ | ભીલોડા | ૬૭.૯૨ |
| ૩૨ | મોડાસા | ૭૦.૦૬ |
| ૩૩ | બાયડ | ૬૯.૮૨ |
| ● | **ગાંધીનગર** | **(૭૧.૩૭)** |
| ૩૪ | દહેગામ | ૭૨.૧૭ |
| ૩૫ | ગાંધીનગર(દ) | ૬૯.૯૧ |
| ૩૬ | ગાંધીનગર(ઉ) | ૬૭.૩૬ |
| ૩૭ | માણસા | ૭૫.૬૭ |
| ૩૮ | કલોલ | ૭૨.૭૩ |
| ● | **અમદાવાદ** | **(૬૬.૨૮)** |
| ૩૯ | વિરમગામ | ૬૭.૬૯ |
| ૪૦ | સાણંદ | ૭૫.૪૨ |
| ૪૧ | ઘાટલોડિયા | ૬૮.૧૩ |
| ૪૨ | વેજલપુર | ૬૮.૧૩ |
| ૪૩ | વટવા | ૬૭.૭૨ |
| ૪૪ | એલીસબ્રીજ | ૬૩.૫૪ |
| ૪૫ | નારણપુર | ૬૬.૦૩ |
| ૪૬ | નીકોલ | ૬૬.૮૭ |
| ૪૭ | નરોડા | ૬૨.૦૧ |
| ૪૮ | ઠક્કરબાપાનગર | ૬૫.૬૬ |
| ૪૯ | બાપુનગર | ૬૪.૩૧ |
| ૫૦ | અમરાઈવાડી | ૬૩.૪૮ |
| ૫૧ | દરિયાપુર | ૬૪.૭૩ |
| ૫૨ | જમાલપુર-ખાડીયા | ૬૪.૯૧ |
| ૫૩ | મણીનગર | ૬૪.૪૭ |
| ૫૪ | દાણીલીમડા | ૬૭.૧૩ |
| ૫૫ | સાબરમતી | ૬૫.૨૯ |
| ૫૬ | અસારવા | ૬૪.૮૦ |
| ૫૭ | દસક્રોઈ | ૭૧.૪૦ |
| ૫૮ | ધોળકા | ૬૯.૨૮ |
| ૫૯ | ધંધુકા | ૫૭.૧૯ |
| ● | **સુરેન્દ્રનગર** | **(૬૫.૨૭)** |
| ૬૦ | દસાડા | ૬૪.૬૮ |
| ૬૧ | લીમડી | ૬૩.૧૧ |
| ૬૨ | વઢવાણ | ૬૩.૨૬ |
| ૬૩ | ચોટીલા | ૬૫.૫૮ |
| ૬૪ | ધાંગ્રધા | ૬૯.૪૯ |
| ● | **મોરબી** | **(૭૩.૧૯)** |
| ૬૫ | મોરબી | ૭૧.૨૪ |
| ૬૬ | ટંકારા | ૭૪.૧૨ |
| ૬૭ | વાંકાનેર | ૭૪.૩૮ |
| ● | **રાજકોટ** | **(૬૬.૭૮)** |
| ૬૮ | રાજકોટ પૂર્વ | ૬૬.૯૯ |
| ૬૯ | રાજકોટ પશ્ચિમ | ૬૭.૬૮ |
| ૭૦ | રાજકોટ દક્ષિણ | ૬૪.૨૮ |
| ૭૧ | રાજકોટ ગ્રામ્ય | ૬૪.૧૨ |
| ૭૨ | જસદણ | ૭૩.૪૪ |
| ૭૩ | ગોંડલ | ૬૫.૦૬ |
| ૭૪ | જેતપુર | ૭૦.૬૯ |
| ૭૫ | ધોરાજી | ૬૨.૪૬ |
| ● | **જામનગર** | **(૬૪.૧૨)** |
| ૭૬ | કાલાવડ | ૬૦.૬૪ |
| ૭૭ | જામનગર ગ્રા. | ૬૫.૮૭ |
| ૭૮ | જામનગર ઉત્તર | ૬૪.૬૬ |
| ૭૯ | જામનગર દ | ૬૩.૯૬ |
| ૮૦ | જામજોદપુર | ૬૫.૪૬ |
| ● | **દેવભૂમિ દ્વારકા** | **(૫૯.૪૯)** |
| ૮૧ | ખંભાળિયા | ૫૯.૮૯ |
| ૮૨ | દ્વારકા | ૫૮.૮૮ |
| ● | **પોરબંદર** | **(૬૧.૮૬)** |
| ૮૩ | પોરબંદર | ૬૪.૩૪ |
| ૮૪ | કુતિયાણા | ૫૮.૯૦ |
| ● | **જૂનાગઢ** | **(૬૨.૪૪)** |
| ૮૫ | માણાવદર | ૬૫.૨૦ |
| ૮૬ | જૂનાગઢ | ૫૯.૫૩ |
| ૮૭ | વિસાવદર | ૬૧.૯૫ |
| ૮૮ | કેશોદ | ૬૧.૧૪ |
| ૮૯ | માંગરોળ | ૬૪.૯૨ |
| ● | **ગીર સોમનાથ** | **(૬૮.૬૧)** |
| ૯૦ | સોમનાથ | ૭૫.૨૭ |
| ૯૧ | તલાલા | ૬૯.૫૩ |
| ૯૨ | કોડીનાર | ૬૫.૬૬ |
| ૯૩ | ઉના | ૬૩.૭૧ |
| ● | **અમરેલી** | **(૬૧.૨૯)** |
| ૯૪ | ધારી | ૫૯.૫૮ |
| ૯૫ | અમરેલી | ૬૨.૫૧ |
| ૯૬ | લાઠી | ૬૧.૪૪ |
| ૯૭ | સાવરકુંડલા | ૫૯.૦૦ |
| ૯૮ | રાજુલા | ૬૬.૪૮ |
| ● | **ભાવનગર** | **(૬૧.૫૬)** |
| ૯૯ | મહુવા | ૬૩.૯૭ |
| ૧૦૦ | તલાજા | ૬૩.૦૧ |
| ૧૦૧ | ગારીયાધાર | ૫૫.૩૧ |
| ૧૦૨ | પાલીતાણા | ૫૯.૨૭ |
| ૧૦૩ | ભાવનગર ગ્રા | ૬૨.૧૪ |
| ૧૦૪ | ભાવનગર પૂર્વ | ૬૪.૬૨ |
| ૧૦૫ | ભાવનગર પ | ૬૨.૦૮ |
| ● | **બોટાદ** | **(૫૨.૦૮)** |
| ૧૦૬ | ગઢડા | ૫૬.૨ |
| ૧૦૭ | બોટાદ | ૬૭.૫૭ |
| ● | **આણંદ** | **(૭૧.૫૦)** |
| ૧૦૮ | ખંભાત | ૬૯.૧૩ |
| ૧૦૯ | બોરસદ | ૬૯.૪૦ |
| ૧૧૦ | આંકલાવ | ૭૫.૬૮ |
| ૧૧૧ | ઉમરેઠ | ૭૧.૨૪ |
| ૧૧૨ | આણંદ | ૬૮.૦૧ |
| ૧૧૩ | પેટલાદ | ૭૩.૯૯ |
| ૧૧૪ | સોજીત્રા | ૭૪.૮૧ |
| ● | **ખેડા** | **(૭૧.૪૨)** |
| ૧૧૫ | માતર | ૭૪.૬૧ |
| ૧૧૬ | નડીયાદ | ૬૬.૬૦ |
| ૧૧૭ | મહેમદાવાદ | ૭૫.૨૮ |
| ૧૧૮ | મહુધા | ૬૯.૨૧ |
| ૧૧૯ | ઠાસરા | ૬૦.૩૬ |
| ૧૨૦ | કપડવંજ | ૭૨.૭૪ |
| ● | **મહીસાગર** | **(૬૫.૪૫)** |
| ૧૨૧ | બાલાસીનોર | ૬૫.૧૨ |
| ૧૨૨ | લુણાવાડા | ૬૫.૮૧ |
| ૧૨૩ | સંતરામપુર | ૬૫.૪૦ |
| ● | **પંચમહાલ** | **(૭૦.૦૬)** |
| ૧૨૪ | શહેરા | ૭૧.૩૮ |
| ૧૨૫ | મોરવાહડફ | ૬૨.૧૬ |
| ૧૨૬ | ગોધરા | ૬૯.૯૧ |
| ૧૨૭ | કાલોલ | ૭૧.૮૩ |
| ૧૨૮ | હાલોલ | ૭૩.૬૬ |
| ● | **દાહોદ** | **(૬૬.૨૦)** |
| ૧૨૯ | ફતેપુરા | ૬૦.૯૧ |
| ૧૩૦ | ઝાલોદ | ૬૭.૨૨ |
| ૧૩૧ | લીમખેડા | ૭૩.૭૬ |
| ૧૩૨ | દાહોદ | ૬૪.૫૬ |
| ૧૩૩ | ગરબડા | ૫૩.૯૬ |
| ૧૩૪ | દેવગઢબારીયા | ૭૬.૪૧ |
| ● | **વડોદરા** | **(૭૨.૦૮)** |
| ૧૩૫ | સાવલી | ૭૭.૧૬ |
| ૧૩૬ | વાઘોડિયા | ૭૬.૭૬ |
| ૧૩૭ | ડભોઈ | ૭૯.૨૦ |
| ૧૩૮ | વડોદરા શહેર | ૬૭.૬૩ |
| ૧૩૯ | સયાજીગંજ | ૬૭.૩૫ |
| ૧૪૦ | અકોટા | ૬૬.૯૨ |
| ૧૪૧ | રાવપુરા | ૬૬.૨૭ |
| ૧૪૨ | માંજલપુર | ૬૬.૦૮ |
| ૧૪૩ | પાદરા | ૮૦.૩૮ |
| ૧૪૪ | કરજણ | ૭૬.૯૯ |
| ● | **છોટાઉદેપુર** | **(૬૮.૩૮)** |
| ૧૪૫ | છોટાઉદેપુર | ૬૭.૦૩ |
| ૧૪૬ | જેતપુર | ૬૮.૭૮ |
| ૧૪૭ | સંખેડા | ૭૨.૨૧ |
| ● | **નર્મદા** | **(૭૯.૧૫)** |
| ૧૪૮ | નાંદોદ | ૭૪.૩૪ |
| ૧૪૯ | દેડીયાપાડા | ૮૪.૬૩ |
| ● | **ભરૂચ** | **(૭૩.૦૧)** |
| ૧૫૦ | જંબુસર | ૭૦.૦૪ |
| ૧૫૧ | વાગરા | ૭૬.૬૭ |
| ૧૫૨ | ઝઘડીયા | ૮૧.૦૮ |
| ૧૫૩ | ભરૂચ | ૬૭.૧૩ |
| ૧૫૪ | અંકલેશ્વર | ૭૧.૦૧ |
| ● | **સુરત** | **(૬૬.૩૯)** |
| ૧૫૫ | ઓલપાડ | ૬૬.૨૮ |
| ૧૫૬ | માંગરોળ | ૭૫.૭૬ |
| ૧૫૭ | માંડવી | ૭૯.૭૧ |
| ૧૫૮ | કામરેજ | ૬૪.૭૩ |
| ૧૫૯ | સુરત પૂર્વ | ૬૬.૭૯ |
| ૧૬૦ | સુરત ઉત્તર | ૬૪.૦૩ |
| ૧૬૧ | વરાછા | ૬૨.૯૫ |
| ૧૬૨ | કારંજ | ૫૫.૭૭ |
| ૧૬૩ | લીબાયત | ૬૫.૩૩ |
| ૧૬૪ | ઉધના | ૬૦.૬૬ |
| ૧૬૫ | મજૂરા | ૬૧.૯૩ |
| ૧૬૬ | કતારગામ | ૬૪.૯૪ |
| ૧૬૭ | સુરત પશ્ચિમ | ૬૬.૪૯ |
| ૧૬૮ | ચોર્યાસી | ૬૦.૯૭ |
| ૧૬૯ | બારડોલી | ૭૧.૩૭ |
| ૧૭૦ | મહુવા | ૭૬.૬૨ |
| ● | **તાપી** | **(૭૨.૬૪)** |
| ૧૭૧ | વ્યારા | ૭૬.૬૬ |
| ૧૭૨ | નીઝર | ૮૦.૧૧ |
| ● | **ડાંગ** | **(૭૨.૬૪)** |
| ૧૭૩ | ડાંગ | ૭૨.૬૪ |
| ● | **નવસારી** | **(૭૩.૧૯)** |
| ૧૭૪ | જલાલપોર | ૭૧.૫૪ |
| ૧૭૫ | નવસારી | ૭૦.૭૨ |
| ૧૭૬ | ગણદેવી | ૭૩.૧૮ |
| ૧૭૭ | વાંસદ | ૭૬.૫૪ |
| ● | **વલસાડ** | **(૭૨.૬૯)** |
| ૧૭૮ | ધરમપુર | ૭૮.૦૧ |
| ૧૭૯ | વલસાડ | ૬૮.૫૨ |
| ૧૮૦ | પારડી | ૬૯.૨૧ |
| ૧૮૧ | કપરાડા | ૮૩.૯૧ |
| ૧૮૨ | ઉમરગામ | ૬૪.૩૧ |

# ચૂંટણી સાચી હશે તો ભાજપ હારશે : હાર્દિક પટેલ

પાટીદાર અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલે ગુજરાત વિધાનસભાના એક્ઝીટ પોલ પર કટાક્ષ કરતાં ટ્વિટ કરીને કહ્યું છે, કે જાણી જોઈને એક્ઝીટ પોલમાં ભાજપ જીતી રહી છે, એવું દેખાડવામાં આવી રહ્યું છે. જેથી ઈવીએમની ગરબડી બાદ કોઈ ઈવીએમ પર શંકા ના કરી શકે આ જૂની ચાલ છે. જો ખરેખર આ ચૂંટણી સાચી છે તો પછી ભાજપને જીતવાના કોઈ જ અણસાર નથી. આ ટ્વિટ કરીને હાદિકે એવું કહી રહ્યો છે. કે આ વિધાનસભાની ચૂંટણી ભાજપ હારશે અને એક્ઝીટ પોલમાં ભાજપની જીત એટલા માટે દેખાડવામાં આવી રહી છે. કારણે કે ભાજપ ઇ.વી,એમમાં ગડબડી કરે તો કોઇને તેના પર શંકા ન જાય.



મહત્વનું છે કે, ગુજરાત વિધાનસભાનું બીજા તબક્કાનું મતદાન પૂર્ણ થયું છે, એક્ઝીટ પોલના આંકડાઓ આવી રહ્યા છે. જેમાં એબીપી ન્યૂઝના એકિઝટ પોલ મુજબ, સૌરાષ્ટ્રની ૫૪ સીટોમાંથી ભાજપને ૩૪, કોંગ્રેસને ૧૯ અને અન્યને ૧ સીટ મળવાનું અનુમાન છે. મહત્વપૂર્ણ છે કે, ગુજરાતની ૧૮૨ સીટ માટે બે ચરણ ૯ અને ૧૪ ડિસેમ્બરે વોટિંગ થયું. આ ચૂંટણીમાં સીધો મુકાબલો કોંગ્રેસ અને બીજેપીની વચ્ચે છે. જોકે, પાટીદાર નેતા હાર્દિક પટેલ, દલિત નેતા જીજ્ઞેશ મેવાણી અને ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરે કોંગ્રેસને સમર્થન આપ્યું હતું. તેનાથી કોઈ ઉલટફેર થવાની શક્યતા છે.ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર ફેક્ટર અસર કરી શકે તેમ હતું. પરંતુ એક્ઝીટ પોલમાં ભાજપ બહુમતથી જીતતું દેખાઈ રહ્યું છે. આ એક્ઝીટ પોલ જો સાચો પડે તો પાટીદાર વોટ બેંકની કોઈ પણ અસર નહિ જોવા મળે અને આંદોલન કર્તા લોકોનો ભાજપને પાડી દેવાનો દાવો ખોટો સાબિત થશે.

# ભિલોડા બેઠક પર કોણ જીતશે ? ટૉક ઑફ ધ ટાઉન

ભિલોડા,તા.૧૫

ગુજરાત રાજ્ય વિધાનસભાની બીજા તબક્કાની ચુંટણી શાંતિપુર્ણ માહોલમાં ગુરૂવારે મતદાન યોજાયું હતું.મતદારોએ ઉમળકાભેર મતદાન કર્યુંહતું.ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક ઉપર કોણ જીતશે અને કોણ હારશે ચોરે અને ચૌટે એક જ ચર્ચા ચાલે છે.

ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠકની મતગણતરીના આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ૯ ઉમેદવારોના ભાવીનો ફેસલો તા.૧૮/૧૨/૨૦૧૭ને સોમવારના રોજ થશે પરંતુ ભિલોડા-મેઘરજ તાલુકામાં ચોરે અને ચૌટે એક જ ચર્ચા કોણ જીતશે અને કોણ હારશે ?પરીવર્તન થશે કે પુનરાર્વતન ?તેવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે.

ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક ઉપર મતદાન દરમ્યાન સરરેરાશ ૬૭.૯૨ ટકા મતદાન મતદારોએ હોંશે-હોંશે કર્યુ હતું. ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક ઉપર ચુંટણી દરમ્યાન ભારે રસાકસી ભર્યો માહોલ જોવા મળ્યો હતો. આ વખતે રાજકીય પંડીતોના વિશ્લેષણો સાચા પડે છે કે ઉંધા પડે છે તે તો હવે મતગણતરી થયા પછી જ ખબર પડશે તેમ લોકમુખે જાણવા મળેલ છે. ભિલોડા-મેઘરજ તાલુકાના જાગૃત મતદારોએ તો વિધાનસભા બેઠકના ઉમેદવારોની ઉંઘ હરામ કરી નાખી હતી. મતદાન દરમ્યાન મતદારોમાં અનેરો આનંદ, ઉત્સાહ જોવા મળતો હતો. મતગણતરી ઉપર સૌ-કોઈની મીટ મંડાયેલી જોવા મળી રહી છે. ભિલોડા-મેઘરજ તાલુકામાં ભાજપ, કોંગ્રેસના ઉમેદવારો હાર જીત અંગે અવનવા સમીકરણો અને ગણિત માંડી રહ્યા છે પરંતુ મતગણતરી થયા બાદ જાણી શકાશે કે કયો ઉમેદવારો હાર્યો અને ક્યો ઉમેદવારો જીત્યો ?

ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠકની ચુંટણી શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થતાં વહીવટી તંત્રના અધિકારીઓ, ભાજપ, કોંગ્રેસ, અપક્ષ ઉમેદવારોએ રાહતનો દમ લીધો હતો પરંતુ ચોરે અને ચૌટે એક જ ચર્ચા ચાલતી હતી કે કોણ જીતશે ? કોણ હારશે ? રાજકીય દિગ્ગજ નેતાઓની ઉંઘ હરામ થઈ ગઈ છે મતગણતરીનું પરીણામ આવ્યા બાદ ખબર પડશે કે પરીવર્તન થયું કે પછી પુનરાર્તન થયું છે. કહીં ખુશીકહી ગમના દશ્યો સર્જાશે.ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠકની ચુંટણીની મતગણતરી સંદર્ભે વહીવટી તંત્ર ખડે પગે કાર્યરત છે.

ચુંટણીમાં ક્યાં શું રંધાયું, ક્યાં શું થયું તે અંગે ભારે ચર્ચા જામી છે. મતદાનના બીજા દિવસે જ રાજકીય પાર્ટીઓના અગ્રણીઓ, કાર્યકર્તાઓ, સમર્થકો, હોદ્દેદારો, ટેકેદારોએ ચુંટણીના લેખા-જોખા અને કેટલા મતોથી ક્યા ઉમેદવાર વિજેતા બનશે ક્યાં શું રંધાયું તેની ચર્ચામાં રાજકીય નેતાઓ જોતરાયા છે. ફુલગુલાબી કડકડતી ઠંડીમાં ચુંટણી અને મતગણતરીની ચર્ચાઓથી ભારે રાજકીય ગરમાવો ઠેર-ઠેર જોવા મળી રહ્યો છે.

૧૮મીએ મતગણતરી બાદ જ ઉમેદવારોનું ભાવી નક્કી થશે પરંતુ હાલના તબક્કે ઉમેદવારો તેમજ સમર્થકોમાં ભારે ઉચાટનો માહોલ જોવા મળી રહ્યો છે. ૨૦૧૨ વિધાનસભા ચુંટણી દરમ્યાન ૭૨.૪૧ મતદાન નોંધાયું હતું પરંતુ મતદારોની સંખ્યા વધી હોવા છતાં મતદાનમાં ૨૦૧૭ માં સરેરાશ ૪.૪૯ ઘટાડો નોંધાતાં રાજકીય પંડીતો ભારે મુઝવણમાં મુંકાયા છે અત્રે ઉલ્લેખનીય છે કે કોના ઉપર વિજયનો કળશ ઢોળાશે તે તો હવે મતગણતરી બાદ જ ખબર પડશે.

ભિલોડા બેઠક ઉપર સૌથી ઓછા મતદાનની ટકાવારી ઘટતાં ભાજપ અને કોંગ્રેસ બંન્ને પક્ષના ઉમેદવારો ભારે મુંઝવણમાં મુંકાયા છે.

# ગુજરાતમાં ‘કોણ આવશે’ મુદો ‘ટોક ઓફ ધ સ્ટેટ’ બન્યો

ગુજરાત વિધાનસભાની બે તબક્કામાં ૯ અને ૧૪ ડિસેમ્બરના રોજ ૧૮૨ બેઠક માટે યોજાયેલી ચુંટણી પૂર્ણ થઈ છે. આ ચૂંટણીમાં સંયુક્ત રીતે જોવા જઈએ તો અંદાજે ૬૮ ટકા જેટલું મતદાન નોંધાયું છે. પરંતુ હવે લોકો જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે પરિણામ ૧૮ ડિસેમ્બરના રોજ જાહેર થશે. ગુજરાતમાં છેલ્લા ૫૦ દિવસની દોડધામ અને આક્ષેપ પ્રતિઆક્ષેપ બાદ તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારોનું ભાવી હાલ તો ઈવીએમમાં સીલ થયું છે.

તેવા સમયે ચૂંટણી પૂર્ણ બાદ મોટાભાગની તમામ ચેનલોએ એક્ઝીટ પોલના આંકડા સાથે તેમના અંદાજની શરૂઆત કરી હતી. જેમાં મોટાભાગના એક્ઝીટ પોલમાં ભાજપને ૯૧ થી ૧૧૦ બેઠક અને કોંગ્રેસને ૬૫ થી લઈને ૭૫ બેઠક મળવાનું અનુમાન દર્શાવવામાં આવ્યું છે. જયારે ભાજપે તેનો ૧૫૧નો આંકડો હજુ પકડી રાખ્યો છે. તેમજ કોંગ્રેસના આંતરિક સર્વે અને રાહુલ ગાંધીએ કીધું તે મુજબ પરિણામ એક તરફી આવશે અને કોંગ્રેસના ફાળામાં ૯૫ થી ૧૦૫ બેઠકો આવવાનું અનુમાન છે.

આ ઉપરાંત આ ચૂંટણીમાં એક્સ ફેક્ટર એવા હાર્દિક પટેલે પણ



આ એક્ઝીટ પોલને દરકિનાર કરીને કીધું છે કે કોંગ્રેસને ૧૦૦ થી ૧૦૫ બેઠકો મળશે.

તેવા સમયે આ સર્વે અને લોકોમાં અનુમાનને ધ્યાનમાં રાખીને તમામ રાજકીય વર્તુળ અને સામાન્ય લોકોમાં પણ કોણ આવશે જો મુદ્દો ચર્ચાતો થયો છે. જેમાં લોકો પોત પોતાના અંદાજ મુજબ સર્વેના આંકડા સાથે પોતાના મંતવ્યને વળગી રહેતા અને કેટલાંક લોકો આ એક્ઝીટ પોલને ખોટા ગણાવે છે. તેમજ લોકો પણ આ પરિણામની હાલ તો કોણ આવશે કોણ આવશે પૂછતા પૂછતા પરિણામની રાહ જોઈને બેઠા છે. ગુજરાતમાં ઓફિસોમાં, પાનના ગલ્લે અને રાજકીય પક્ષોના કાર્યાલય અને રાજકીય વર્તુળમાં પણ કોણ આવશેના મુદ્દે ચર્ચાએ જોર પકડ્યું છે.

## ટ્રેન્ડ જાણી શકાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજકીય પક્ષોના ઉમેદવારો, તેમના પ્રતિનિધિઓની હાજરીમાં ચૂંટણી કર્મચારીઓ દ્વારા મતગણતરીની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. જે તે બેઠકના કુલ મતદાન નથકમાં ઈવીએમના મતની ગણતરી માટે ૧૪ ટેલબ રાખવામાં આવશે. મતદાન મથકની કુલ સંખ્યાના આધારે મતગણતરીના રાઉન્ડ નક્કી કરવામાં આવશે. ઉદાહરણ તરીકે બાપુનગર બેઠકમાં સૌથી ઓઠા ૧૯૫ મતદાન મથકો છે તો આ બેઠક માટે મતગણાતરીના ૧૪ રાઉન્ડ યોજાશે, જયારે ઘાટલોડિયામાં સૌથી વધુ ૩૬૧ મતદાન મથકો છે ત્યારે ત્યાં મતગણતરીના લગભગ ૨૫થી ૨૬ રાઉન્ડ યોજાશે. અમદાવાદ શહેર અને ગ્રામ્યની તમામ ૨૧ બેઠકો પર ઉમેદવારોની હાર-જીતનો ટ્રેન્ડ લગભગ બાર વાગ્યાની આસપાસ સામે આવી જશે. આ વખતે ઈવીએમની સાથે સૌપ્રથમવાર વીવીપેટ મશીનનો પણ ઉપયોગ કરાયો હોઈ વીવીપેટની કાપલીની ગણતરીનો નવતર પ્રયોગ પણ હાથ ધરાશે. જેમાં જે તે વિધાનસભા બેઠકના તમા મતદાનમથકના ક્રમાનુસાર ચિઠ્ઠી બનાવીને તેમાંથી ચૂંટણી અધિકારી દ્વારા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં કોઈપણ એક મતદાન મથકની ચિઠ્ઠી અંદાજાથી ઉપાડાશે અને પછી તે મતદાનમથકના ઈવીએમ સાથે જોડાયેલા વીવીપેટને ખોલી તેની કાપલીની ગણતરી કરવામાં આવશે અને ઈવીએમના પરિણામ સાથે તેને સરખાવવામાં આવશે.

## ખિસ્સા કાતરૂઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસે મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બની રહયા છે. ડેપોમાં આ અંગે અનેકવાર રજુઆતો કરવા છતા સંકુલમાં પોલીસ પહેરો ગોઠવી શકાયો નથી. મતદાન પુર્વના દિવસે પણ એસ ટી ડેપોમાં મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બન્યા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. ગ્રામ્ય ડેપોમાં ગઠીયાઓએ મુસાફરોના બે મોબાઈલ અને એક પાકીટની ઉઠાતરી કરી લીધી હતી. આવા સંજોગોમાં મોડેલ ડેપો બનાવાની યોજના કોરાણે મુકાઇ ગઇ હોવાનુ મનાઇ રહયુ છે. ત્યારે ડેપો સંકુલમાં મુસાફરોને લગતી સુવિધાઓ અપગ્રેડ કરવાની સાથે સુરક્ષાના મામલે પણ યોગ્ય પગલા લેવાય તેવી પ્રબળ લાગણી અને માંગણી ઉઠવા પામી છે.

## ત્રિપલ તલાક

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ૧૦ ડિસેમ્બર સુધી સૂચન માગ્યું હતું. સરકારનું માનીએ તો સુપ્રિમ કોર્ટનાં આદેશ બાદ પણ દેશમાં અનેક લોકો ત્રિપ તલાકનાં મામલામાં સામે આવ્યાં હતાં. આ બિલને ઝારખંડ, આસામ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર અને ઉત્તર પ્રદેશ જેવાં રાજ્યોનું સમર્થન પણ મળ્યું છે. આ મામલે જણાવી દઈએ કે આ બિલ અંતર્ગત કોઇ પણ સ્વરૂપે ત્રિપલ તલાક ભલે મૌખિક હોય, લેખિત સ્વરૂપે હોય કે પછી મેસેજ દ્વારા પરંતુ તે અવૈદ્ય ગણાશે. જે પણ ત્રિપલ તલાક આપશે એમણે ત્રણ વર્ષની સજા અને સાથે દંડ પણ થઈ શકશે. એટલે કે ત્રિપલ તલાક આપવો એ ગેર-જમાનતી અને સંગીન અપરાધ પણ ગણાશે.

## ઠંડુગાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પારો માઈનસ ૬.૮ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો છે. લેહમાં માઈનસ ૮.૫ ડિગ્રી તાપમાન રહ્યુ છે. કારગીલમાં માઈનસ આઠ ડિગ્રી તાપમાન રહ્યુ છે. શ્રીનગરમાં માઈનસ ૧.૫ ડિગ્રી તાપમાન રહ્યુ છે. હિમાચલપ્રદેશમાં પણ એવી જ સ્થિતી થયેલી છે. હિમવર્ષા અને વરસાદના કારણે પારો માઈનસમાં પહોંચી ગયો છે. કેલોંગ, કાલ્પા અને મનાલીમાં તાપમાન માઈનસ ૬.૩ ડિગ્રી સુધી પહોંચી ગયુ છે. કેલોગ અને ભારમોરમાં હિમવર્ષા થઇ છે. હિમવર્ષાના કારણે ચારેબાજુ બરફની ચાદર છવાઇ ગઇ છે.

## તોફાની પ્રારંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે પ્રથમ દિવસે જ એકબાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાનુકુળ રીતે સત્ર ચલાવવા માટેની અપીલ કરી હતી. શિયાળુ સત્ર આજે શરૂ થયા બાદ હવે પાંચમી જાન્યુઆરી સુધી ચાલનાર છે. આજે શિયાળુ સત્રના પ્રથમ દિવસે લોકસભાની કાર્યવાહી શ્રદ્ધાંજલિ આપવામાં આવ્યા બાદ મોકુફ કરી દેવામાં આવી હતી. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી પ્રથમ દિવસથી લડાયક મુડમાં દેખાઈ હતી. સંસદના સભ્ય તરીકે શરદ યાદવની હકાલપટ્ટીનો મુદ્દો કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી અઝાદે ઉઠાવ્યો હતો.